સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

ટાંકીઓ નાની સરખી ભૂલનો ભોગ લે છે,
ને ખોટી ઉતાવળનો કૂવાઓ ભોગ લે છે,
ભોગ લે છે જિંદગીઓનો બેજવાબદારી -
નિર્દોષ પરિવારોના ભાવિનો ભોગ લે છે.

હાઈકુ

ડૂબે જિંદગી...
કાયદાને નિયમો
નાખો ટાંકીમાં

મોજમજામાં
જીવનની સફર
પડે કૂવામાં

ચિંતન

કાચ, કથીર, અધીર નર, જતન કરત હૈ ભંગ ।
સાધુ કંચન તાઈએ, ચઢૈ સપાયા રંગ ॥

ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

કાચ, કથીર અને હલકી વ્યક્તિ આ ત્રણેયની ગમે તેટલી સજ્જન સંભાળ લ્યો તો પણ ક્યારેક ન ક્યારેક તો એ તૂટે જ છે. સજ્જન વ્યક્તિ સોના જેવી હોય છે. એને ગમે તેટલી તાવો (તાપો) તો પણ એનો રંગ બદલાતો નથી. એની ચમક એવી ને એવી જ રહે છે. સંબંધોની કસોટી જ્યારે કોઈ કારણસર તિરાડ પડે છે. ત્યારે જ થાય છે. કાચ ગમે તેટલો સુંદર અને મૂલ્યવાન લાગતો હોય પણ નજીવી ટક્કર એ સહન કરી શકતો નથી. એ જ રીતે કથીર સાવ હલકી ધાતું છે. કથીર ને ઓગળી જતાં વાર લાગતી નથી. જે વ્યક્તિનું અંતરંગ ચારિત્ર્ય કથીર જેવું હોય એની સાથે ગમે તેટલા ગાઢ સંબંધો કેળવ્યા હોય તો પણ એને ઓગળી જતાં વાર લાગતી નથી. ચોવીસ કેરેટનું સોનું ઉકળતી ભઠ્ઠીમાં નાખીએ તો પણ એ એવું ને એવું જ ચમકદાર અને શુદ્ધ રહે છે. ચોવીસ કેરેટ જેવી પરિશુધ્ધ વ્યક્તિ જો સંબંધ બગાડે તો પણ દુશ્મન નથી પણ મૌન ધારણ ખરી ખસી જાય છે. દુર્ભાગ્ય એ છે કે ચોવીસ કેરેટના સોના જેવો ચળકાટ ધરાવતી વ્યક્તિ ખરેખર ચોવીસ કેરેટની કે ચૌદ કેરેટની એની પરીક્ષા તો કસોટીના પથ્થર ઉપર ઘસીએ ત્યારે જ થાય છે.

સુવિચાર

- સૌને પોતાની પ્રગતિમાં રસ છે , બીજાની પ્રગતિમાં તમે જેટલો પાળો આપશો, એટલી તમારી પ્રગતિ વધશે અને ઓછામાં ઓછો વિરોધ થશે. - **જેન ફ્લેચર**
- ગરબા હોય કે જીવન,
  કયો પગ ક્યાં મૂકવો એ આવડી જાય તો જ તમે સાચા ખેલૈયા - **એસ. ભટ્ટાચાર્યે**
- નશા મહેનત કા કરો તાકી આપકો બિમારી ભી સકસેસ વાલી લગે - **રતનસિંહ**
- માનવી દુ:ખી છે કેમ કે તે એવી વસ્તુઓની કામનાથી ભરપૂર છે, જે ટકી શકતી નથી - **અરવિંદ**
- માત્ર નસીબની યારી શોધતાં રહેશો તો તકને ઓળખવી મુશ્કેલ બનશે - **મોન્ટેઈન**
- જુઠું બોલનાર પ્રભુનો અનાદર કરે છે, અને પછી માણસથી બીવે છે - **પ્યુબર્ક**
- આજનું ઔષધ : લોબાનને પાણીમાં ઘસીને કપાળે લગાડવાથી ઊંઘ જલ્દી આવે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ભારતના મહાન એન્જિનિયર એમ. વિશ્વેશ્વરૈયા શિકાગોમાં પહોંચ્યા. ત્યાં એક મહાન એન્જિનિયરના જ્ઞાનથી તેઓ અભિભૂત થયા. એમણે એક ટેકનિકલ વિષય ઉપર અમેરિકન એન્જિનિયરને એક લેખ લખવા કહ્યું. લેખ માટેનું પારિશ્રમિક આઠ ડોલર નક્કી કર્યું. વિશ્વેશ્વરૈયાએ એમની શિકાગોની હોટલ પર ટપાલથી લેખ મોકલી આપવાનું કહ્યું. લેખકે ત્રણ દિવસમાં માહિતીથી ભરપૂર એવો ટેકનોકિલ લેખ પોસ્ટથી મોકલ્યો. આ લેખ વાંચીને વિશ્વેશ્વરૈયા ખુબ પ્રભાવિત થયા. એમને રાજી થઈને આઠ ડોલર મળતા પેલા અમેરિકન એન્જિનયર વિશ્વેશ્વરૈયાને મળવા હોટલ પર પહોંચ્યા. અને એક ડોલર પરત કર્યો. વિશ્વેશ્વરૈયાએ કહ્યું, 'આપના આ લેખથી પ્રભાવિત થઈને મેં આપને એક ડૉલર પારિતોષિક રુપે મોકલ્યો હતો. આપ એ રાખી લો.' અમેરિકન લેખકે જવાબમાં કહ્યું, 'આપ લેખથી પ્રસન્ન થઈ એક ડૉલર વધુ આપો એમાં આપની ગુણ ગ્રાહકતા છે, પરંતુ નિર્ધારિત પારિશ્રમિકથી વધુ લેવાનો મને કોઈ અધિકાર નથી. જો હું વધુ પુરસ્કાર લઉં તો મારું મન મને બેચેન બનાવી મૂકે. અને મારા જીવનનો આનંદ ઓસરતો જાય. માટે આપ મારા વધારાનો ડોલર સ્વીકારો.' સાર એ છે જે સરળતા અને પ્રામાણિકતતાનું ઓશીકું જેના માથે હોય તેને કદી બેચેની નતી થતી કે અનિદ્રા ભોગવવી પડતી નથી.

નિરામય ગુજરાત - નિરામિષ ગુજરાત

તંત્રીસ્થાનેથી...

સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફ્ફારખાન સાબરમતી આશ્રમમાં મહાત્મા ગાંધીને મળવા આવ્યા ત્યારે સાથે એમની નવી પેઢીના વારસદારોને પણ લઈ આવ્યા હતા. આશ્રમનું સ્વાદ વગરનું સાદું પોઝન જોઈ નિરાશ થયેલા યુવા પઠાણોએ નારાજગી વ્યક્ત કરી. એ તો રોજ મટન-મચ્છી ખાનરા લોક. મહાત્મા ગાંધીના કાને વાત પહોંચી કે તરત એમણે પઠાણ મંડળી માટે નોનવેજ આહારની વ્યવસ્થા કરવાનો નિર્ણય કર્યો : આખરે એ માનવંતા પરોણા હતા ! એમને ભાવતાં ભોજન પીરસવાની ભારતીય અને એથી વિશેષ જન્મે - સંસ્કારે ગુજરાતી વૈષ્ણવજનને 'પવિત્ર ફરજ' લાગેલી. એ જુદી વાત છે કે પછી પેલા યુવાનો ગાંધીજીની જીવનશૈલી મુજબનું સાદું શાકાહારી ભોજન આરોગવા સંમત થઈ ગયા હતા અને ચીકન - મટન કે ઈંડાની જરૂર નહોતી પડી. માનવીએ એના સંસ્કૃતિ અને પ્રકૃતિ અનુસાર આહારવિહાર પદ્ધતિ પણ વિકસાવી છે. સમુદ્ર કિનારે વસેલા બંગાળ કે અન્ય પ્રદેશોના મહાન રાષ્ટ્રીય નેતાઓ અને ભૂદેવો સહિત સંતો-મહંતો ભાત સાથે માછલીનું ભોજન લે છે. બલકે ત્યાં તો જો કોઈના ઘર પાસે માછલાં ઉછેરવા માટેનું પોખર (તલાવડી) ના હોય તો એના દીકરા ફુંવારા રહી જાય છે. ગુજરાતમાં જૈનધર્મનો પ્રભાવ રહ્યો જેને પરિણામે મહારાજા કુમારપાળના શાસનકાળ દરમિયાન એને રાજધર્મનો દરજ્જો સાંપડ્યો હતો અને માંસાહાર નિષિદ્ધ ગણાયો હતો. કતલખાનાં બંધ કરાયાં હતા. જો કે સવર્ણ હિંદુઓમાં ક્ષત્રિયોથી લઈ લડાયક ખમીર ધરાવતા ઓબીસી સમુદાયોમાં અને પછાત ગણાતા અનુસૂચિત સમુદાયોમાં માંસાહારનો છોછ નથી. અવસર પ્રસંગે ધાર્મિક વિધિની રુએ પણ બલિ અપાય છે અને 'પ્રસાદ' આરોગાય છે. દલિત સમુદાય તો મૃત પશુનું માંસ પણ જમે છે. બાબુભાઈ જશભાઈ પટેલની સરકારના યુવાન દલિત મંત્રી ભીમાભાઈએ આની સામે પોતાના સમાજમાં જ ઝુંબેશ ઉપાડેલી. હમણાં ગુજરાતની ઘણી બધી મહાનગરપાલિકાઓએ ઈંડા અને માંસ-મચ્છીની લારીઓ વિરુદ્ધ લાલ આંખ કરી છે. કહેવાય છે કે આ બધી આઈટમો ઘરે નહીં બનાવી શકનારા સવર્ણ હિંદુ સમાજની નવી પેઢીએ જ એમને 'મોંઘી' બનાવી છે. હવે મહાગનરોમાં એ લિજ્જત કમ કે કમ ખુલ્લામાં, ધરાર રાજમાર્ગો પર નહીં માણી શકાય એવી શક્યતા ઊભી થઈ છે. આરોગ્યની દૃષ્ટિએ અને વ્યાપક જીવદયાની રુએ આ સારો અને આવકારદાયક નિર્ણય છે. પરંતુ એ લારીઓ જેને માટે આજીવિકાનું સાધન હતી એમના ઘેર તો બાઈઓ (રોવા) બેસી જશે, એ પણ વિચારવા જેવું છે. હિંદુત્વ અને શાકાહાર સમાનાર્થી શબ્દો નથી. મુખ્યમંત્રી પણ આ બાબત બરાબર સમજે છે. ભારતીય જનતા પાર્ટીએ ક્યારેક શાકાહારને પ્રોત્સાહિત કરવાનો એજંડા અપનાવ્યો નથી. નરેન્દ્ર મોદી અને અમિત શાહ જેવા ગુજરાતી નેતાઓને બાદ કરતાં ભાજપના મહાન રાષ્ટ્રીય નેતાઓ બાકીના પક્ષોના નેતાઓની જેમ આરામથી માંસાહાર કરતા રહ્યા છે. આ નવો એજંડા કદાચ રાષ્ટ્રીય સ્તરે ભારતીય જનતા પાર્ટી તરફ વળેલ ઓબીસી સમુદાયો અને અનુસૂચિત વર્ગોને કઠે તો નવાઈ નહીં. ફક્ત લઘુમતીને ટાર્ગેટ કરીને હિંદુ બહુમતિનું ધ્રુવીકરણ કરવાના કાર્યક્રમના ભાગરુપે જ આ પગલું લેવાયું હોય તો એ ચૂંટણી વખતે બૂમરેંગ થઈ શકે છે.

કારીગરોને તાકીને જોવાનો લ્હાવો

રંગ અને વ્યંગ

અનંત પટેલ

ઘરે કોઈ વાયરમેન કે પ્લંબર અથવા કડિયાકામ કરનાર કારીગરને કામ પર બોલાવ્યા હોય ત્યારે એ જે કામ કરતા હોય છે એને તાકીને જોઈ રહેવાની ઘણાં ખરાં બાળકોને તેમ જ મોટેરાંને ટેવ હોય છે. પહેલાંના જમાનામાં ખાસ કરીને અત્યારથી ચાળીસ-પચાસ વર્ષ પહેલાં ગામડાઓમાં કોઈને ત્યાં છોકરા છોકરીનું લગ્ન હોય તો ઘણાં બધાં કપડાં સીવડાવવાનાં હોવાથી એકાદ અઠવાડિયુ દરજીભાઈ યજમાન ગ્રાહકના ઘરે જ સંચો લઈને જ આવી જતા અને ત્યાં બેઠાં બેઠાં તે ઘરના બધા સભ્યોનાં જ વર કે કન્યા સહિતનાં કપડાં સીવી નાખતા. એ જ્યારે કાપડનું કટિંગ કરતા હોય ત્યારની એમની એ ક્રિયા અને કટિંગ દરમિયાન આવતો કાતરનો અવાજ માણવાની મઝા બાળકો અને તરુણોને બહુ જ આવતી. મને અમારા ઘરે સોમાકાકા દરજી કપડાં સીવવા આવતા એ દ્રશ્યો હજીય અકબંધ રીતે યાદ છે...

બીજું કે કોઈ ઈલેક્ટ્રીકના રીપેરીંગ માટે વાયરમેનને બોલાવેલ હોય તો એ એનું કામ કરતો હોય ત્યારે પણ એને તાકીને જોઈ રહેવાની જીજ્ઞાસા બાળકોમાં બહુ જ જોવા મળતી. જો તમે બાળકોને ધમકાવીને જતા રહેવા કહો તો ય એ ત્યાંથી ખસે જ નહિ...

અરે એ વખતની વાત જવા દો આજે પણ જો ઘરમાં વોશિંગ મશીન,એસી. મશીન, ઘરઘંટી કે ફ્રીજ કે પછી બીજું કશુંક વાયરીંગને લગતું કામકાજ કરવા આવેલ ભાઈ (કારીગર) ને તેમની કામગીરી કરતા જોવાની મઝા આવે છે.આમાં ય કશો ક લ્હાવો મળતો હોય એવું લાગે છે.એ જે કામ કરતા હોય છે તેને જોઈ રહેવાથી.

તે કામ આપણને આવડી જવાનું નથી,

એના કશા ટપ્પા પણ પડતા નથી,

આપણે માટે એ વિષય નવો જ હોય છે એટલે એને જોઈ રહેવાથી માત્ર જિજ્ઞાસા જ સંતોષાય છે.તે છતાં એ જોઈ રહેવાનું સૌને ગમે જ છે.(બહેનો સિવાય કેમ કે બહેનો એ જોવા નવરી નથી હોતી...) આવી બીજી એક બાબત એ યાદ આવે છે કે વર્ષો પહેલાં ગામડાંમાં જૂના તેલના ડબ્બા કાપીને તેમાંથી જરૂરિયાત મુજબના નાના નવા ડબ્બા બનાવવાળા લોકો આવતા તે ફળિયે ફળિયે બેઠક નાખતા..લોકો તેલનો ખાલી ડબો આપતા ને તે કપાવીને તેમાંથી નાનો ડબો સૂપડુ કે સૂપડી જેવું કશુંક બનાવડાવી લેતા.આ કામગીરી જોવા માટે પણ અમે બધા બાળકો ભેગા થઈ જતા ને એમાં એ કારીગર લોખંડના કટરથી ડબાને કાપતો તે અમે સૌ એકીટશે ધારી ધારીને બસ જોઈ જ રહેતા...

આવી જ રીતે એ સમયે ગામડાઓમાં વાસણોને કલાઈ કરવાવાળા કારીગરો પણ ગામે ગામ ફરતા ને ફળિયામાં એક જગાએ ત્રણ ચાર કલાકનો પડાવ નાખતા. પછી ત્યાં બેઠાં બેઠાં ફળિયાની બહેનોનાં વાસણોને કલાઈ કરી આપતા. એ માણસ ચામડાની ધમણ સાથે રાખતો ને તેને જમીનમાં થોડું ખોદીને ફીટ કરીને ચૂલો સળગાવતો.પછી એ ધમણને એક હાથે દબાવીને પવન ફૂંકીને અગ્નિ પ્રગટાવતો.અમે સૌ બાળકો કુતુહલભરી નજરે એ બધી પ્રક્રિયા જોઈ જ રહેતાં...

આજે તો ડબા- સૂપડા કે સૂપડી બધું તૈયાર જ મળી જાય છે.તેલના ખાલી ડબા ભંગારવાળા પૈસા આપીને લઈ જાય છે.વાસણોને કલાઈ કરવાની જરૂર જ નથી પડતી.સ્ટેનલેસ સ્ટીલનો જમાનો પ્રવર્તે છે. અને એમાં ય અત્યારે તો જાત જાતની વેરાયટી આવી ગઈ છે... આમ આજના બદલાયેલા સંજોગો અને જમાનામાં વાસણોને કલાઈ કરવાવાળા,ડબા બનાવવારા અને ઘરે બેસીને કપડાં સીવી આપનારા દરજીઓ લગભગ અદ્રશ્ય થઈ ગયા છે...

મો-૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

ના.... ના... બેટા આ મોનાલ છે, ઉત્તરાખંડનું રાજ્યપક્ષી...

નવાં કલેવર

નટવર હેડાઉ

કવિશા અને તેના બહેન નિહિકા બંને તેમના મમ્મી-પપ્પાની સાથે અમદાવાદથી મસૂરી ફરવા આવી ગયેલ. બંને ખુબ રાજી રાજી થઈ ગઈ હતી. ઊંચા ઊંચા પર્વતો અને વનરાજીને જોઈ બંને વારંવાર તાળીઓ પાડતી હતી.

ચારેબાજુ લીલાછમ્મ વૃક્ષો, વેલાઓ અને જાત જાતના છોડવાઓથી હર્યુભર્યુ જંગલ, ફળફળાદીના બગીચા, મદમત કરતી શીતળ હવા, ખળખળ વહેતાં ઝરણાંઓનો કલરવ નાદ આ બધું ખુબ જ મનમોહક હતું.

તે બંને આ બધું જોઈ કંઈક નવું ને નવું વિચારી રહી હતી અને એકબીજાને કહેતી હતી તે દરમિયાન એકગાઢ વાદળી રંગનું પંખી નજરે પડ્યું. આ સુંદર પંખીને જોઈ બંને પોતાની ખુશી રોકી શકી નહીં અને એક સાથે બુમાબુમ કરી કહેવા લાગી.

'પપ્પા - મમ્મી, જૂઓ મસૂરીનો કૂકડો, જુઓ પેલી તરફ સામે કંઈક ચણી રહ્યો છે.'

મમ્મી-પપ્પા પણ આ સાંભળી જોરથી હંસી પડ્યા અને બોલ્યા, 'કુકડો? ના.... ના... બેટા આ મોનાલ છે. ઉત્તરાખંડનું રાજયપક્ષી અને એક દેશનું રાષ્ટ્રીય પક્ષી પણ છે. હા.... હા.... નેપાલનું ખરું ને મમ્મીએ યાદ અપાવ્યું.'

તેવામાં એક ત્યાંની પહાડી પહેરવેશ પહેરેલી છોકરી આવી. અને તે દાણા નાંખવા લાગી. તે મુન્યાલ... મુન્યાલ... આવ... આવ... દાણા ખા...' એવું કંઈક કહેતી હતી.

આ સાંભળી બંને આશ્ચર્ય અને અસંજમસમાં પડી ગઈ. પપ્પાએ તેમની જીજ્ઞાસા સંતોષવા કહ્યું 'બેટા, મોનાલ ને સ્થાનિક



ભાષામાં મુન્યાસ કે મુનાલ પણ કહેવામાં આવે છે.'

'ઓકે, પપ્પા તેનો અર્થ શું થાય છે ?'

'બેટા, મુન્યાસ અને મુનાલ પહાડી વિસ્તારની લોકબોલીના શબ્દો છે. તેનો અર્થ છે મનને બહુ જ શાંતિ આપનારું.'

'તમને ખબર છે એક લોકવાયકા એક હજાર વરસ પહેલાં મસરીમાં યક્ષ અને ગંધર્વ રહેતા હતા.'

'શું કહ્યું પપ્પા યક્ષ અને ગંધર્વ ?' બંને ચકિત થઈ ગઈ.

'હાં, બેટા, હાલ, તમે આઠ દશ વર્ષના છો. પણ મોટા થઈને બંને બહેનો મહાકવિ કાલિદાસ વિષે ભણસો ત્યારે ખબર પડશે કે હિમાલય હજારો વર્ષ પહેલા કેવો હતો અને અહિયાં કેવી કેવી જાતિઓ રહેતી હતી. અને યક્ષ કોણ હતા? એવું માનવામાં આવે છે કે વૈદિક સમયથી આ લોકો ખુબ જ સભ્ય, સંસ્કારી અને વિવિધ વિષયોમાં ખુબ પારંગત હતા. અનેક કલાઓમાં નિપુર્ણ એવા યક્ષો અને ગાંધર્વોએ સંગીતનો પ્રસાર કર્યો.'

બંને ખુબ ધ્યાનથી સાંભળતી હતી. અને મનમાં મનમાં, સા, રે, ગ, મ પણ ગાઈ રહી હતી.

'તો બેટા, આ યક્ષો, ગંધર્વો આ પક્ષીને જોઈ એટલો પ્રેમ કરવા લાગ્યા કે પછી અહીં જ રહી ગયા. અને અહીંના થઈ ગયા. અને અહીંના થઈ ગયા.' આમ જૂઓ તો હિમાલયના ઘણા દુર્ગમ અને સુરક્ષિત વિસ્તારોમાં આ મોનાલ વસે છે.'

'આ સુંદર પક્ષીને જોવા સેંકડો ફોટોગ્રાફરો આવે છે અને જુદી જુદી એંગલથી તસ્વીરો તેમની તસ્વીરો લેતા હોય છે. જેમ કે ઉડવાની તૈયારી કરતું, ડાળ પર બેઠેલું, ચમતું હોય ત્યારે એની અંગભંગિમાઓ અને અદાઓ' તેઓ કેમેરામાં સુંદર રીતે કંડારે છે. પપ્પા આ વાત કરતા હતા ત્યારે મમ્મી ફોટા લઈ રહી હતી. ઘડીકમાં મોનાલના તો ઘડીકમાં રંગબેરંગી ચકલીઓના, અને હોલાના...

'અરે, પપ્પા જૂઓને તે કેવું સાંભળી રહ્યું છે જાણે તેને બધી સમજ પડતી ન હોય !' કવિશાએ મોનાલની સામે જોઈ કહ્યું.

'કેવું સુંદર લાગે છે નહીં?' નિહિકા બોલી.

'હાં બેટાં, આ નર મોનાલનો રંગ વાદળી છે અને જરાક ભૂરાશ પડતો પણ લાગે. અને જૂઓ તેના માથા તાર જેવી કલગી હોય છે.'

'તેની માદા કેવી હોય ?' કવિશાએ જીજ્ઞાસાથી પૂછ્યું.

'માદા ભૂરા રંગની હોય છે. જૂઓ સામે ચીડના ઝાડના ફળ શોધી રહી છે.' 'હાં... હાં.... એ રહી.' બંને એક સાથે બોલી પડી. મોનાલની જોડને જોઈ બંનેને ખુબ મજા પડી.

'આ પક્ષી ખોરાકની શોધમાં પંજાથી જમીન કે પહાડ પર જામેલો બરફ ખોદતાં જોઈ શકાય છે.'

કંદ, મૂળ, ફળ-ફૂલનાં બીજ તેમજ કીડા-મકોડા તેમનો ખોરાક છે. મોનાલ પર્વતીય વિસ્તારનું પક્ષી છે તે હિમાલય પર ૮ થી ૧૫ હજાર ફૂટની ઊંચાઈએ જોવા મળે છે. પરંતુ જયારે ખૂબ વધારે ઠંડી પડતી હોય, બરફ પડતો હોય કે ભારે વરસાદ હોય ત્યારે મોનાલ તળેટીના ભાગમાં આવે છે. જયાં તેને ખોરાક અને રહેઠાણ મળી રહે છે.'

'એટલે કે પેટપૂજા ખરું ને?' બંને બહેનોએ હસતાં હસતાં કહ્યું. પપ્પા આપણને પણ પેટપૂજા કરવી પડશે. મમ્મીએ હોટલવાળાને કહ્યું એટલે તે ગરમાગરમ આલું પરોઠા લઈ આવ્યો. પરોઠાં બધાંને ખુબ જ સ્વાદિષ્ટ લાગ્યા.

'પપ્પા, અમદાવાદ જઈને સ્કૂલના ગૃહકાર્યમાં મોનાલ વિશે હું નિબંધ લખીશ.' કવિશાએ કહ્યું,અને હું અંગ્રેજીના હોમવર્કમાં લખીશ.' નિહિકા બોલી.

હેવાનિયત અને કૂપોષણ સામે શા માટે લાચાર છીએ ?

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

ભારત સોને કી ચીડિયા હતો છે અને રહેશે પરંતુ પરિવર્તનો જે અપનાવી તેને અનુકૂલન આપવામાં આપણી જ ઢિલી નીતિ અને વિલંબથી આપણે સ્વસ્થ સમાજ રચવામાં ક્યાંક ને ક્યાંક હારી ગયા છીએ. આપણી વિશાળ જનસંખ્યાના પડકારને તકમાં બદલી શક્યા નથી તો આપણુ જ વૈવિધ્ય વિઘ્નરુપ થવા લાગે ત્યારે શું કરવાની આવશ્યકતા છે તે સમજી ને પ્લાનિંગ કરવામાં નિષ્ફળ જતા હોઈએ તે સ્થિતિ અત્યંત ઉદાસીનતા લાવનારી છે. આપણો સમાજ હજી રીત-રિવાજો, માન્યતાઓ, પરંપરાઓ ને નવી ભૂલી શક્યો કે નથી નવી બાબતોને મનથી સ્વીકૃત કરી શક્યો એટલે જ જીવન ભારરૂપ અને કષ્ટદાયી લાગી રહ્યું છે. વિશ્વ ડિજિટલ થઈ ગયું છે હજી આપણી સફર શરૂ થઈ છે !!

દયા ધર્મનું મુળ છે અને પાપનું મુળ અહમ્ છે છતાં આ વાત જાણીતી છે પણ અમલવારી ક્યાં ? પરોપકારનો વિસ્તૃત અર્થ છે સર્વત્ર સંવેદનાની હાજરી, પરંતુ એ લુપ્ત છે વેદના માત્ર વાતો કરવાથી કમ થતી નથી. દયાનું ટીપું દોહ્યુ થઈ ગયું છે. ગુજરાતમાં તાજેતરમાં નાની કુમળી વયની બાળકીઓ સાથે દુષ્કૃત્ય કર્યા બાદ હત્યાઓ થઈ આ સમાચારથી ગુજરાતની જનતાને જબરો ઝટકો લાગ્યો ! બળાત્કાર, નારી ઉત્પીડન, શોષણ આ બધું ક્યાં સુધી ચાલું રહેશે? આવી ઘટનાઓ શા માટે અટકતી નથી તેના ઉપર ચિંતન તથા કાર્ય થવું ખુબ જરૂરી છે. ભૌતિકવાદ કે ભોગવાદે જગતને ભરડામાં લીધું છે. ભોગવવાની લાલચ વધતી જાય છે. ભેગું કરવું અને ભોગવી લેવુંની માનસિકતાથઈ જ ઈન્સાનિયત રુપી પુષ્પની પાંદડીઓ ખરતી જ જાય છે. પ્રત્યેક માણસની સ્થિતિ અને ઉછેર અલગ છે છતા સમાજે જેને વધુ માન્યતા આપી છે તેવા રસ્તા ઉપર બધા સરખા જ છે એટલે કોઈને કોઈની શરમ કે મર્યાદા કે ડર જેવું રહ્યું નથી એટલે બધા જ સ્વયંને રાજા ગણીને જીવે છે. વિચારોની ગુણવત્તા મરતી જાય છે એ સીધી રીતે દેખાતું નથી.

ઈન્ટરનેટ આધારિત ઉપકરણો એ દાટ વાળ્યો છે જેનો

સદુપયોગ થઈ રહ્યો નથી. વાસનાનો અગ્નિ ભડકી ઊઠે તેવું બધું આંગળીના ટેરવે ઉપલબ્ધ થયું છે કાનૂનથી આ રોકી શકાતું નથી તેવું સ્પષ્ટ લાગી રહ્યું છે. કામુકતાને કોઈ શરમ નડતી નથી અને એ વિચારોને વધુ મલિન બનાવીને પતનના માર્ગે થઈ જાય છે. જાનિયતા સાથે નશીલા પદાર્થો પણ ઉમેરાઈ રહ્યા છે આપણે કેવા સમાજ તરફ ધીમે ધીમે જઈ રહ્યા છીએ એ ચિંતાનો મુદ્દો છે!

'ખુદ મેં ઝાંકને કે લિયે જીગર ચાહિએ
દુસરો કી શિનાખ્ત મેં તો હર શખ્ય માહિર હૈ.'

સ્વયં સાથેનો સંવાદ કે ખુદની તલાશી લેવાની વાત જ રહી નથી. જેટલા સાચા હશે તેટલા એકલા જ હશો કેમ કે લોકો ને સત્ય જાણવું છે પણ માનવું નથી. માતાજીની ભક્તિ અને ઉપાસના શ્રદ્ધાથી થાય છે છતાં નારીનું ખરુ સન્માન હજી રસ્તે ગોથા ખાય છે એ નર્યું અને કડવું સત્ય છે. મહિલા ને માત્ર ઉપભોગની દૃષ્ટિએ જયાં સુધી જોવાતી રહેશે. ત્યાં સુધી સ્થિતિ સુધરશે તેવી શ્રદ્ધા પણ રહી નથી. કામ, ક્રોધ, લોભ, મોહ, માયા એ બધું જીવન માટે જરૂરી હોવાથી એ પ્રકૃતિએ આપેલું છે. જે ઈશ્વરની રચેલી સૃષ્ટિનો ભાગ છે પરંતુ વિવેકબુદ્ધિ ભોગવાદની વધતી માત્રા એ છિનવી લીધી છે ત્યાં જ દુ:ખના બીજ છે. એક શેર સમજવા જેવો છે.

'આજકલ સબ ખામોશ હૈ
કોઈ આવાજ નહીં કરતા
સચ બોલકર કોઈ
કિસી કો નારાજ નહીં કરતા.'

સારું વાંચન, સુંદર ચર્ચા, ચારિત્ર્યવાન મિત્રો, મધુર વિહાર આ બધુ નષ્ટ થઈ રહ્યું છે અને ત્યાં નેટ આધારિત છિછરા મનોરંજન તથા પોર્નોગ્રાફી આવી ગઈ છે એટલે સત્યાનાશ થઈ રહ્યો છે. ગૌ ગંગા ગાયત્રીનું ગાન કરતા કરતા બધા ગંદકીના નર્ક સુધી જઈ રહ્યા છે તે ખેદજનક છે. બીજું ભારતમાં નાના ભૂલકાઓ કુપોષણનો શિકાર થઈ રહ્યા છે તેના તાજેતરમાં સર્વેક્ષણમાં ઉલ્લેખ કરાયો થયો છે. એ મુજબ મહારાષ્ટ્ર પ્રથમ, બીજુ બિહાર અને ત્રીજા સ્થાને ગુજરાત આવે છે આ પણ ગંભીર ચિંતાની બાબત છે.

કોરોના બાદની આ સ્થિતિ જાહેર થઈ છે.

વિદેશોની તુલનામાં ભારતીય બાળકો પોષણની બાબતે ઘણી નિમ્ન સ્થિતિએ છે જેનું મુખ્ય કારણ આપણી ગરીબી અને જીવનશૈલી છે. એંશી કરોડથી વધુ લોકોને સરકારે કોરોનાકાળમાં રાશન પુરું પાડ્યું પરંતુ આવક સામે નાં ખર્ચા ઉપર કોઈ કમી ઊભી થઈ નહીં, પરંતુ ભાવવૃદ્ધિનાં કારણે કેલેરીયુક્ત આહારમાં વિઘ્ન નડેલાં છે. મધ્યાહન ભોજન એક સારો વિકલ્પ હોવા છતાં શાળાઓ જ બંધ રહી હતી એટલે પણ કદાચ સ્થિતિ નબળી પડી હશે તેવું પણ માની શકાય ! બાળકો સૌથી વધુ કોરોનાકાળમાં પરેશાન થયા એ નક્કર સત્ય છે. મહદંશે ફાળો માત્ર બિમારી પછી ખાવાની બાબત હજી ગણાય છે. કૃષિ પ્રધાન રાષ્ટ્ર છીએ છતાં સૌથી વધુ પ્રશ્નોથી ઘેરાયેલા છીએ. પરંતુ સરકાર ક્રમશઃ બધું આયોજન કરી રહી છે તેથી વિશ્વાસ છે કે ભારતને નવી ઓળખ મળશે. દિવાળી ગઈ, ભાઈબીજ અને લાભપાંચમ ગઈ હવે ઈશ્વરની કૃપા આવી છે તેથી બધા મોરચે દેશ ઝળહળતો થઈ જશે છેલ્લે, આપણે સ્વયંને સુધારવા કંઈક સંકલ્પ લઈશું ??

શેર આસ્વાદ :

બહુત છાલે હૈ ઉસ કે પૈરો મેં
કમબક્ત ઉસૂલો પર ચલા હોગા

- ગુલઝાર